૨. ગુપ્તસંવત પ્રવર્તક રાજા **ચંદ્રગુપ્ત** વિક્રમાદિત્ય, વિ. સં. ૪૪૦ લગભગ.

હવે આપણે એક નવો ઉલ્લેખ તપાસીએ. દાદા **શ્રીધર્મઘોષસૂરિ** લખે છે કે – **धर्माचार्यशिष्य-श्रीसिद्धसेनप्रभावकः** । (સમણસંઘથયં–અવસૂરિ)

એટલે કે આ૦ દિવાકરજી **આ૦ ધર્મસૂરિ**ને પણ પૂજ્ય માનતા હતા. આ ધર્મસૂરિનો યુગપ્રધાનકાળ વીર સં. ૪૫૦થી ૪૯૫ છે.

આ દરેક પ્રમાણોથી વિચારીએ તો આ૦ સિદ્ધસેન દિવાકરનો વિદ્યમાનકાળ વિક્રમની પહેલી કે ચોથી શતાબ્દી આવે છે પરંતુ **પ્રાચીન** ગ્રંથોમાં તેમને વિક્રમની પહેલી સદીના બતાવ્યા છે, એટલે અમે પણ આચાર્યશ્રીને અહીં એ રીતે જ વર્ણવ્યા છે.

## જૈન રાજાઓ

આ અરસામાં ભરૂચના બલમિત્ર-ભાનુમિત્ર રાજાઓ, પટણાનો મુરુંડરાજ, માનખેડાનો કૃષ્ણરાજ, ઓંકારપુરનો ભીમરાજ, કર્મારગામનો દેવપાલ, ઉજ્જૈનનો વિક્રમાદિત્ય, ભરૂચનો યુવરાજ ધનંજય અને પ્રતિષ્ઠાનપુરનો શાલિવાહન (સાતવાહન) વગેરે જૈનધર્મી તથા જૈનધર્મના પ્રેમી રાજાઓ થયા છે. તેઓનો ટૂંકો પરિચય તેઓના સમકાલીન આચાર્યોના ચરિત્રમાં દર્શાવેલ છે.

## સમ્રાટ વિક્રમાદિત્ય

સમ્રાટ વિક્રમાદિત્ય તે અવન્તિપતિ, શકવિજેતા અને સંવત્સર પ્રવર્તક તરીકે પ્રસિદ્ધ છે. તે આ૦ શ્રીસિદ્ધસેન દિવાકરના સચોટ ઉપદેશથી જૈન બન્યો હતો. તેણે જિનાલયો બનાવ્યાં, જિનબિંબો ભરાવ્યાં, શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવ્યો અને સંઘ પણ કાઢ્યો હતો. તેણે પૃથ્વીને ઋણમુક્ત કરી શકોના બંધનમાંથી છોડાવી પોતાનો સંવત પ્રવર્તાવ્યો હતો. આ વાતો આપણે આ૦ શ્રીસિદ્ધસેન દિવાકરના ચરિત્રમાં વાંચી ચૂક્યા છીએ. જૈનાચાર્યોએ વિક્રમચરિત્ર પર ઘણું સાહિત્ય સર્જ્યું છે. એ જ રીતે અજૈન વિદ્વાનોએ પણ આ સમ્રાટ માટે કંઈ ને કંઈ નિર્દેશ કર્યો જ છે.

ભારતવર્ષમાં આજસુધી ઘણા રાજાઓ થયા અને ગયા, જે પૈકીના કેટલાએક રાજાઓનું તો આજે નામોનિશાન પણ મળતું નથી, જ્યારે સમ્રાટ વિક્રમાદિત્ય કે જેને થયાને બબ્બે હજાર વર્ષ વીતી ગયાં છે, છતાંય તે પોતાની નામના વડે ભારતમાં અચળપણે ઊભો છે. વિક્રમસંવત્ એ જ એનું મોટું ભારતીય **સ્મારક** છે.